**વંદે ભારત એક્સપ્રેસ** ટ્રેનને રજા
પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજનામાં
સમાવવા બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ,

ઠરાવ ક્રમાંક:મસભ/૧૦૨૦૧૩/ ૧૪૨૯૬૯/ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૩/૦૮/૨૦૨૪

વંચાણે લીધા:-

૧. નાણા વિભાગના તા:૨૮/૦૮/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: મસભ/૧૦૨૦૧૩/ ૧૪૨૯૬૯/ચ

૨. નાણા વિભાગના તા.૨૨/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ

**આમુખઃ**

**૧.** રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત આપવાની યોજના અંગેના પ્રવર્તમાન તમામ ઠરાવો/પરિપત્રો સંકલીત કરી નાણા વિભાગના તા.૨૮/૦૮/૨૦૧૫ના સમાનાંકી ઠરાવથી સંકલીત સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી.

**૨.** નાણા વિભાગના વંચાણે લીધેલ ઠરાવ(૨)ની જોગવાઈ ક્ર.૩.૧(૧)(બ) અને ૩.૧(૧)(ડ) થી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતના લાભ માટે કર્મચારી/અધિકારી દ્વારા રેલ માર્ગ દ્વારા મુસાફરી માટે પાત્રતાના ધોરણ અંગે **રાજધાની** અને **શતાબ્દી એક્સપ્રેસ** માટેની જોગવાઈ નિયત થયેલ છે. તાજેતરમાં ભારત સરકાર દ્વારા **વંદે ભારત એક્સપ્રેસ** ટ્રેન શરૂ કરવામાં આવેલ છે. આ ટ્રેનમાં રજા પ્રવાસ રાહત /વતન પ્રવાસ રાહત માટે કરવામાં આવેલ મુસાફરી અંગેની જોગવાઈ નિયત થયેલ નથી આ બાબતે નાણા વિભાગને ઘણી રજૂઆતો મળેલ છે. આ બાબત ધ્યાને લેતાં નાણા વિભાગના તા.૨૨/૦૩/૨૦૧૬ના ઠરાવની જોગવાઈ ક્રમાંક. ૩.૧(૧)(ક) હેઠળ શતાબ્દી એકસપ્રેસ સાથે **વંદે ભારત એક્સપ્રેસ** ટ્રેનનો સમાવેશ કરી નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

**૩.૧(૧) (ક) શતાબ્દી એકસપ્રેસ/વંદે ભારત દ્વારા મુસાફરી.**

| ક્રમ | ગ્રેડ-પે રેન્જ | પાત્રતા |
|---|---|---|
| ૧. | ૭૬૦૦/-અને તેથી વધુ | એકઝીક્યુટીવ કલાસ |
| ૨. | ૨૪૦૦/-અને તેથી વધુ પરંતુ ૭૬૦૦/-થી ઓછા | એ.સી. ચેર કાર |

નોંધ-૧. આ જોગવાઇ રાજધાની/શતાબ્દી/**વંદે ભારત એક્સપ્રેસ** ટ્રેન દ્વારા કરેલ ખરેખર મુસાફરી કરવા માટે છે.મુસાફરીની શરૂઆતનું સ્થળ અને મુસાફરીનું અંતિમ નિર્ધારીત સ્થળ બંને સીધા જ રાજધાની/શતાબ્દી/**વંદે ભારત એક્સપ્રેસ** ટ્રેન દ્વારા સંકળાયેલ હોવા જોઇએ.

નોંધ-૨ કાલ્પનિક રીતે મળવાપાત્ર ભાડાની ગણત્રી કરવા માટે આ જોગવાઇનો આધાર લેવાનો નથી.

નોંધ-૩ જે ટ્રેનોમાં રેલ્વે સત્તાવાળાઓ તરફથી નાસ્તા/જમવા સહિતનું રેલ્વે ભાડુ વસુલ કરવામાં આવે છે તેમને નાસ્તા/જમવાના સહિતનું સંપૂર્ણ ભાડુ મજરે મળવાપાત્ર બનશે.

**૩.** વધુમાં, નાણા વિભાગના તા.૨૮/૦૮/૨૦૧૫ના ઠરાવની **જોગવાઈ ક્ર.૮(૫)** નીચે મુજબ નિયત થયેલ છે.

" જે સરકારી કર્મચારીનું રજા પ્રવાસ રાહતના હેતુ માટે વ્યાખ્યા કરાયા પ્રમાણેનું કુટુંબ તેમના કામકાજના સ્થળેથી દૂર રહેતુ હોય તેવા સરકારી કર્મચારી ચાર વર્ષના સમયગાળામાં એક વાર તેમના કુટુંબ માટે તેમજ પોતાના માટે વતન પ્રવાસ રાહતનો લાભ લેવાના **બદલે તેમના વતનની અથવા કોઈ પણ સ્થળે મુલાકાત લેવા** માટે દર વર્ષે એક વાર એકલા તેમના પોતાના જ માટે આવી રાહતનો લાભ લઈ શકશે."

આ જોગવાઇમાં સૂચવેલ " કોઈ પણ સ્થળે મૂલાકાત લેવાનું અર્થઘટન કર્મચારીનું કુટુંબ તેના વતન સિવાયની જો કોઈ અન્ય જગાએ રહેતુ હોય તો તે સ્થળ" તે મુજબ કરવાનુ રહેશે અને આવા સ્થળે તેનુ કુટુંબ રહે છે તે અંગેના આધાર પુરાવા કર્મચારીએ રજુ કરવાના રહેશે.

**૪.** આ સુધારેલ ઠરાવનો અમલ એલ.ટી.સી. બ્લોક વર્ષ ૨૦૨૦-૨૩ની શરૂઆતથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.ડી.ચૌધરી)

નાયબ સચિવ

નાણા વિભાગ

નકલ રવાના પ્રતિ:-

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ–૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા